# શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ ,મુંબઈ

## વ્યાખ્યાન માળા ૨૦૨૨-૨૩

## જૈન તીર્થોની ભવ્ય ગાથાઓ

## વ્યાખ્યાન – ૧૯ બિહાર અને ઝારખંડના તીર્થો-3

**વ્યાખ્યાતા- શ્રી અર્પીતભાઈ શાહ**

**તારીખ – ૨૨/૦૪/૨૦૨૩**

બિહાર એટલે પરમાત્માની વિચરણ ભૂમિ અને નિર્વાણ ભૂમિ.પાવાપુરી ભૂમિની વાત કરીએ તો ત્યાં માત્ર પરમાત્માનું નિર્વાણ નથી થયું પરંતુ કેટ કેટલી ઘટનાઓ બની છે પાવાપુરીમાં તો તેને આજે આપણે યાદ કરવાનો એક નાનકડો પ્રયાસ કરીશું. પરમાત્મા મહાવીર સ્વામી ભગવાન ચંપાપુરી નગરી થી વિહાર કરીને છમાંણી ગ્રામ મા પહોંચ્યા. ત્યાં પ્રભુ ત્યાં ધ્યાનસ્થ થયા ધ્યાનમાં લીન છે ત્યાં જ ગોવાળિયા એ એમના કાનમાં ખીલા ઠોકીને ઉપસર્ગ કર્યો. .ટેકનિકલ ટર્મ્સમાં જઈએ તો કાશ નામનું એક અણીદાર ઘાસ છે એને પરમાત્મા ના કાન માં નાખવામાં આવ્યા હતા જેને આપણે ખીલા ઠોકવાનું કહીએ છીએ. આ ઉપસર્ગ થયા પછી પ્રભુએ વગર કોઈ વેદના ને વ્યક્ત કર્યા વગર વિહાર કરતાં કરતાં આગળ પાવાપુરી પહોંચ્યા. અહીં ખરક નામના વૈદે એમનું શલ્ય જાણ્યું અને એમને તેલ ની માલિશ કરતા કરતા એક ટેન્કરમાં બેસાડીને માલિશ કરીને બે ધીરે ધીરે પ્રભુના કાનમાંથી આ ખીલા કાઢ્યા. પ્રભુને વેદના થઈ છતાં તેમણે કેટલી સમતા રાખી એવી આ અદભુત પાવાપુરીની ભૂમિ છે. છદ્મસ્થ અવસ્થાનો છેલો ઉપસર્ગ પ્રભુને અહીં થયો હતો. તેનું નિરાકરણ થયું હતું .તેનું જ્યાં નિરાકરણ થયું હતું એવી આ ધન્ય પાવાપુરીની ભૂમિ છે.

જે ભૂમિમાં પરમાત્મા અને કેવળ જ્ઞાન થયા બાદ રજુવાલીકામાં પ્રભુને કેવળ જ્ઞાન તો થયું પણ દેશના નિષ્ફળ ગઈ. પ્રભુનું કલ્યાણક આવી રહ્યું છે એના પછીના દિવસે પ્રભુ એ જ્યાં

શાસનની સ્થાપના કરી એવા અદભુત પાવાપુરીની ભૂમિ છે અને જ્યાં ચતુર્વીધ સંઘ સ્થાપના કરી સાથે સાથે 11 ગણધર ભગવંતોની દીક્ષા આપી એવી આ ભૂમિ છે. જે ભૂમિ ઉપર ભગવાન મહાવીર સ્વામીએ 16 પ્રહરની અંતિમ દેશના આપી હતી. આજે પણ જે ઉત્તરાધ્યયન સૂત્રમાં માં ગુમ્ફાયેલ છે એવી આ અદભુત પાવાપુરી ની ભૂમિ છે. તેના માટે આપણે સૌ જાણીએ છીએ કે આ અદભુત કલ્યાણક ભૂમિ છે જ્યાં પ્રભુ શ્રી મહાવીર સ્વામી ભગવાનને નિર્વાણ પદની પ્રાપ્તિ થઈ હતી અને જ્યાં દીપોત્સવી પહેલી વાર મનાવવામાં આવી હતી એવી આ પાવાપુરીની ભૂમિ છે. પાવાપુરી નું નામ સાંભળતા જ આપણને મનમાં એક જલ મંદિર દેખાય જ્યાં પરમાત્માનું નિર્વાણ કલ્યાણ થયું હતું પણ કેટ કેટલી ઘટનાઓ અહીં બની ગઈ છે એને આજે આપણે અલગ અલગ ભૂમિઓ દ્વારા યાદ કરવાનો પ્રયાસ કરીએ.

પરમાત્માં ની જેટલી પણ કલ્યાણક ભૂમિ છે એ બધી વિવાદાસ્પદ રહી છે દિગંબર અને શ્વેતાંબર બંને સ્થળ માન્યતા પ્રમાણે અલગ અલગ છે. બંને પરંપરાની માન્યતાઓ અલગ અલગ છે માત્ર પાવાપુરી જ એક એવી ભૂમિ છે જે આ બંને પરંપરાઓ એક મત છે કે પરમાત્માની વર્તમાન  ભૂમિ આ પાવાપુરી જ છે પણ દુઃખની વાત એ છે કે ઇતિહાસકારો આ વાતથી સહમત નથી. એમનું માનવું છે કે કે પાવાપુરીનું વર્તમાન સ્થાન બીજું કોઈ છે.  એ જાણવાનું આપણે પ્રયાસ કરીએ. તો અસલ પુરા પાવાપુરી ક્યાં છે. આપણી જે માન્યતા છે દિગંબર પરંપરા અને શ્વેતાંબર પરંપરાની કે બિહારના નાલંદા જિલ્લામાં જે પાવાપુરી ગામ છે તે ત્યાં પ્રભુને નિર્વાણ પદની પ્રાપ્તિ થઈ હતી. મોટા મોટા ઇતિહાસકારો જેકોબી. ડોક્ટર સાગરમલ જૈન આ બધાનું એવું માનવું છે કે પાવાની ભૂમિ છે એ પડરોનામાં છે જે કુશીનગર ડીસ્ટ્રીક ઉત્તર પ્રદેશમાં છે આ બંને જગાઓ વચ્ચે 300 કિલોમીટરનો ગેપ છે. આટલી દૂર અને આવી માન્યતા કેમ છે એના પડી સમજીએ. ઈતિહાસકારોનું કહેવું છે કે જ્યારે ભગવાન મહાવીર સ્વામી નું નિર્વાણ થયું હતું જ્યારે મોક્ષ ગતિ એમણે પ્રાપ્ત કરી હતી ત્યારે પાવામાં હસ્તીપાલ રાજાનું શાસન હતું અને એની ખૂબ જ નજીક રાજગૃહીમાં અજાત શત્રુ કોણીક નું શાસન હતું. આજે પણ આપણે રાજગીરી અને પાવાપુરી નું અંતર કાઢીએ તો માત્ર ૧૮ કિલોમીટરનું અંતર છે. તો ઇતિહાસકારોનું માનવું છે કે બે સ્વતંત્ર સામ્રાજ્ય વચ્ચેનું 18 થી

30 કિલોમીટરનું કેવી રીતે હોઈ શકે? અને એમાં એ પણ જોવાની વાત છે હસતીપાલ નું શાસન હતું અને કોણીક નું શાસન હતું એમાં ઘણું બધું અંતર હતું એ મોનારકી હતું જયારે હસ્તિપાલ નું શાસન  ગણરાજ્ય હતું. એ બે અલગ અલગ માન્યતા ધરાવતા સ્વતંત્ર રાજ્યની રાજધાની એટલી નજીક કેવી રીતે હોઈ શકે?  બીજું એમનું માનવું છે કે જો આટલું નજીક હતું રાજગીરી અને પાવાપુરી માત્ર ૧૮ કિલોમીટરનું ડિસ્ટન્સ હતું તો અજાતશત્રુ કોણીકે મહાવીર સ્વામી નિર્વાણ કલ્યાણના દિવસે હાજરી કેમ ના આપી? નિર્વાણ કલ્યાણક ના દિવસે હાજરી કેમ ના આપી? તેઓ તો ભગવાન મહાવીરના પરમ ભક્ત હતા તો કોઈ પણ ગ્રંથમાં એવું વિવરણ નથી કે એમણે ત્યાં હાજરી આપી હોય અને કલ્પસૂત્ર અનુસાર કાશી કૌશલના 18 ગણરાજ્યના આઠ મલ્લ શાસકો કાશીના નવ લીછવી શાસકો 18 એ 18 રાજાઓ ત્યાં હાજર હતા અને તેઓ વચ્ચે ખૂબ જ મૈત્રી પૂર્ણ સંબંધો હતા પણ તેઓનો સંબંધ કોણીક સાથે સારું ન હતો એટલે ઇતિહાસકારોનું કહેવું એમ છે કે આટલી નજીક તે આવવાનું રિસ્ક લઈ શકે શું મગધ ની રાજધાની થી આટલું નજીક આવું શું એ લોકો માટે સંભવ હતું આવો એક પ્રશ્નાર્થ ચિન્હો પણ તેઓ ઉપાડે છે.

બૌદ્ધ ગ્રંથોને આપણે જો લઈએ તો એમાં પણ આપણને પાવાનું ઉલ્લેખ પ્રાપ્ત થાય છે આ ગ્રંથો એમ કહે છે કે પાવા ઉપર મલ્લોનું શાસન હતું અને એ કુષીનગરના નજીક હતું એટલે ઇતિહાસકારોનું જે માનવું છે તેનાથી આ સમન્વય બેસે છે બૌદ્ધ ગ્રંથ છે. દિઞ્નીકાય નામના બૌદ્ધ ગ્રંથમાં પણ કહેવામાં આવ્યું છે કે ગૌતમ બુદ્ધે ભોગનગર થી આગળ વધ્યા અને તેઓ પાવા ગયા. તેઓએ કુંડાના ઘરે અંતિમ ભોજન લીધું અને ત્યાં ત્યાંથી તેઓ કુશીનગર ગયા અને ત્યાં તેમને પરીનિર્વાણ પ્રાપ્ત થયું અને જે જગ્યાએ કુંડાનું ઘર હતું ત્યાં એક નું નિર્વાણ કરવામાં આવ્યું આજે પણ એ સ્તુપ વિદ્યમાન છે. એ આજે પણ પડનોરામાં છે. એનું 1848 માં ઉત્ખનન થયું હતું જે કુષિનગર થી લગભગ પંદર કિલોમીટર દૂર છે અહીં પણ ઇતિહાસકારોની જે માન્યતા છે એની સાથે સમન્વય બેસે છે.પડનોરામા જે ઉત્ખનન થયા હતા એ ત્યાંથી પણ ત્રણ જ પ્રતિમાઓ પ્રાપ્ત થઈ છે એટલે અહીં એક આર્કિયોલોજીકલ ટેકો પણ મળે છે. અને યુએત્સંગ ચીની પ્રવાસી જે હતા જે  સાતમી સદીમાં ભારત પ્રવાસ માટે આવ્યા

હતા. તેમણે નાલંદા ની આસપાસ ઘણી બધી જગ્યાઓમાં પ્રવાસ કર્યો હતો. ત્યાં તેમણે પાવાનો કોઈ ઉલ્લેખ ના કર્યો પણ જ્યાં ઉત્તર પ્રદેશ પાસે જે કુશીનગર છે એની પાસે જે પાવાપુરી છે તેનો એમને ઉલ્લેખ કર્યો હતો. હવે આપણે આ વાતને વિચારીએ ઇતિહાસકારોનું જે માનવું છે એ સત્ય છે કે નહીં છમાંણી ગામનું છે વર્તમાન સ્થળ છે એ બિહાર શરીફ નામના ગામ પાસે છમન નામનું ગામ છે ત્યાંથી પાવાપુરી એટલે કે જે નાલંદા પાસે છે એ આપણી માન્યતા છે એ માત્ર એ માત્ર ૧૫ કિલોમીટર દૂર છે પણ પડ્રોનાથી  270 કિલોમીટર દૂર છે એટલે એક રાતમાં પ્રભુએ 270 મીટર નો વિહાર કર્યો હોય એ સંભવ જણાતું નથી.

જુબક ગ્રામથી પણ આ નજીક હોવું જોઈએ તો શ્વેતાંબર ડિસ્ટન્સ ને અગર આપણે જાણીએ તો શતાંબર પરંપરા અનુસાર જમક નામનું ગામ છે જે ગ્રેણી જિલ્લામાં છે એનાથી આ પાવા આપણી માન્યતા અનુસાર એ ઘણું નજીક છે અને દિગંબર પરંપરા અનુસાર જમુઈ નું વર્તમાન સ્થળ છે એ બંનેનો કેટલો ડિસ્ટન્સ છે એ આપણે જોઈએ. પાવાપુરી થી આપણે જોઈએ તો આપણી માન્યતા અનુસાર 159 કિલોમીટર થાય અને જમુંઈ એ 104 કિલોમીટર થાય પણ જે પડવાના છે 440 અને 380 કિલોમીટર નો આટલો ગેપ થઈ જાય એટલે બંને પરંપરાની માન્યતા ને અગર આપણે ધ્યાનમાં રાખીએ તો આપણે જે વર્તમાન દાસ જે પાવાપુરી છે એનો ઇતિહાસ વધારે સીધ થાય છે અને એ પ્રાચીન સમયમાં ત્રણ અલગ અલગ શહેરો પાવાની નામથી પ્રખ્યાત હતા. ઉત્તરમાં કુશીનગર સમિતિ ઉત્તરા પાવા હતું દક્ષિણમાં હજારીબાગ પાવા હતું આ બંનેની વચ્ચોવચ મધ્યમાં મજીમાં પાવા હતું. અને આ મજીમાં પાવાનું નામ કલ્પસૂત્ર અને આવશ્યક ચૂરણી આદિમાં પ્રાપ્ત થાય છે જ્યારે વિવિધ કલ્પમાં મધ્ય પાવાના નામથી પ્રાપ્ત થાય છે અને તેઓ પણ સાચા હતા એ અલગ પાવા હતું અને આ પાવા અલગ છે જે મધ્યમાં પાવા છે જેને આપણે પાવાપુરી માનીએ છીએ એટલે જે દિગંબર અને શ્વેતાંબર પરંપરા ની માન્યતા જે પાવાપુરી છે એ જ વર્તમાન પાવાપુરી છે.

સૌપ્રથમ આપણે યાત્રા કરીશું મહસેનવન ની જ્યાં આજે સમોસરણ મંદિર દ્રષ્ટિગોચર થાય છે સૌથી પહેલા આ મંદિરની ભૂમિ છે એ ધર્મ તીર્થ સ્થાપના ની ભૂમિ છે. જ્યાં ભગવાન

મહાવીર સ્વામી એ ચતુર્વીધ સંઘની  સ્થાપના કરી હતી. એ એ ભૂમિ છે કે જ્યાં ગૌતમ સ્વામી આદિ 11 ગણધરોએ દીક્ષા લીધી હતી જે કલ્પસૂત્રનો  ગણધરવાદ આપણે સાંભળીએ છીએ એ 11 મહાબ્રાહ્મણોના મહાસંશ્યો દૂર થયા હતા એવી આ અદભુત સમોસરણની ભૂમિ છે જ્યાં ત્રિપદીનો શ્રવણ કરીને ગણધરોએ દ્વાદશાઅંગીની રચના કરી એ સમોસરણ તીર્થની ભૂમિ છે અને ઉત્તરાધ્યાનમાં ગુમફિત અંતિમ જે દેશના છે એ આ સમોસરણ તીર્થની ભૂમિ છે.તો આ તીર્થ આપણને મળ્યું કેવી રીતે એની પાછળની વાત આપણે જાણીએ.

પ્રાચીન કાળમાં આજે જગ્યા હતી નવું સમોસરણ જેને આપણે કહીએ છીએ એ છે ત્યાં એક વિરાન જંગલ હતું ત્યાં માત્ર ને માત્ર એક અવશેષ હતો એ હતો આઠ ફૂટ અને ચાર ફૂટ પહોળો એક સ્તૂપ  હતો એ આપણે જોઈ શકીએ છીએ. એક માન્યતા મુજબ પ્રભુ ના મોટાભાઈ નંદીવર્ધન રાજા દ્વારા આ સ્તૂપ નિર્મિત થયો હતો અને એ ભૂમિ ઉપર નિર્મિત થતો જે પ્રભુ વીરની દેશના દેશના ભૂમિ અને સમોસરણ નું મૂળ સ્થાન હતું .એની સ્મૃતિ રૂપે અહીં નિર્વાણ કરવામાં આવ્યું હતું. આ સ્તૂપની પાસે એક ચમત્કારી ફૂવો પણ છે. તો આ બધાને ધ્યાનમાં રાખીને અહીં નવા સમોસરણ તીર્થની સ્થાપના કરવામાં આવી. આજે કુવો છે એક કીવદંતી અનુસાર કથા સાંભળવામાં આવે છે કે ખેતરો વચ્ચે આ જમીન હતી જંગલો વચ્ચે જમીન હતી. ગોવાળિયાના બાળકો અહીં રમવા આવતા હતા. આ સ્તૂપ હતો એની બાજુમાં પ્રાચીન ચરણપાદુકા. હતી આ રમતા રમતા છોકરાઓ ચરણ પાદુકાઓ ઉપાડતા અને આ ફૂવામાં નાખી દેતા. એનો ધમાકો સાંભળીને બાળકો રાજી થઈ જતા પણ દિવ્ય ચમત્કારથી બીજા દિવસે ફરીવાર ગોખલામાં આ ચરણ પાદુકા આવી જતા હતા. આવી રીતે કાલ ક્રમે ચાલતું હતું ત્યારે અહીંના વહીવટદારોએ આ વસ્તુ જોઈ એને દુઃખ થયું અને એ લોકોએ આ ચરણપા દુકાને પરમેનેટલી જળ મંદિરની આગળ નાનકડી દેરી સ્થાપિત કરી એમાં બિરાજમાન કરી દીધા જે આજે પણ  છે. આપણે વિવિધ તીર્થ કલ્પનો ઉલ્લેખ જાણીએ તો તેમાં પણ આ કુવા નો ઉલ્લેખ આપણને પ્રાપ્ત થાય છે. પ્રભુના નિર્વાણ ના દિવસે મોક્ષ કલ્યાણક ના દિવસે દેવો અહીં આવતા હતા અને અહીં નિર્વાણ ઉત્સવ કરતા હતા અને આ ફૂવાના જળથી આ જળમાં એટલી બધી  તાકાત થતી  એનો પ્રતાપ હતો એટલો  કે એના જળ માત્રથી દીવડા

પ્રગટી જતા હતા એવો એનો પ્રતાપ હતો. આ બધા ઇતિહાસને ધ્યાનમાં રાખીને અમુક વર્ષો પહેલાં 1957માં પરમ પૂજ્ય આચાર્ય ભગવાન રામચંદ્ર સુરીશ્વરજી મહારાજ અહીં એક નવા સમોસરણ દેરાસર ની સ્થાપના કરી એમના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી. આ ભારતનું ક્યારે પ્રથમ સમોસરણ આકારનું પ્રથમ મંદિર હતું. એટલું બધું ધ્યાનમાં રાખીને આ મંદિર બનાવવામાં આવ્યું હતું કે સમોસરણનું જે આકાર હોય કે પ્રથમ ગઢમાં અહીં દસ હજાર પગથિયા તો એને ધ્યાનમાં રાખીને અહીં પ્રથમ 10 પગથિયા બનાવવામાં આવ્યા છે અને બીજા અને ત્રીજા ગઢના પાંચ પાંચ હજાર ના પગથિયાના સ્મૃતિરૂપ અહીં પાંચ પાંચ પગથીયા બનાવવામાં આવ્યા છે અને આખે આખું માર્બલ બનાવવામાં આવ્યું છે અને વચ્ચોવચ અહીં ચતુર્મુખી એવા મહાવીર સ્વામી ભગવાનની સ્થાપના કરવામાં આવી છે અને ગભારામાં બારે બાર પર્શદાની રચના કરવામાં આવી. અહીં ગભારા ની અંદર આપણે જઈએ તો મહાવીર સ્વામી ભગવાન વચ્ચે બિરાજમાન અને ચતુમુખી  એની ચારો તરફ 12 પરસદા જોઈ શકીએ છીએ. આ જ પરિસર ની અંદર આરાધના મંદિર ની પ્રતિષ્ઠા 1978 માં થઈ હતી. વિશાળકાય એવા અદભુત મહાવીર સ્વામીના અદભુત સરસ મજાની આરસપહાણની પ્રતિમા બનાવવામાં આવી એની સાથે જે ખાસ વાત છે કે પરમાત્મા ની બંને તરફ ગૌતમ ગણધર તથા સુધારમાં સ્વામી બંનેની સ્થિત મુદ્રા યુઝવલી આપણે જે મુદ્રા જોઈએ છે પ્રતિમા એ ગુરુમુદ્રામાં હોય છે પણ અહીં તીર્થંકરની જેમ જ સિદ્ધ મુદ્રામાં છે.

સમોસરણ મંદિરથી આગળ હવે આગળ વધતા વધતા આપણે ગામ મંદિર જઈએ આ ગામ મંદિરની ખાસિયત એ છે કે ત્યાં ભગવાન મહાવીર સ્વામીની નું નિર્વાણ થયું હતું. હસતી પાલ રાજાના રાજમાં  પ્રભુની રજ્જુ શાળા પ્રભુની જે નિર્વાણ ભૂમિ હતી એ આ ભૂમિ પર સ્થિત હતી. અને 1642 માં મોગલ બાદશાહ શાહજહાંના રાજ્ય શાસન કાળમાં સંઘવી સંગ્રામ ચોપડા દ્વારા ખતરગચ્છ ના આચાર્ય શ્રી જીનરાજ સુરીશ્વરજી મહારાજના નિશ્રામાં તેનો જીર્ણોદ્ધાર થયો હતો.  પ્રાચીન પાદુકા બિરાજમાન હતા એને ધ્યાનમાં રાખીને અહીં આખું નવું જિનાલય બનાવ્યું અને એમાં નવા ચરણપાદુકા સ્થાપિત કર્યા અને ત્યારબાદ કાલઅંતરમાં અલગ અલગ જીર્ણોદ્ધાર  થતા રહ્યા એના પછી 1886 માં મહાતાબગોરી દ્વારા જીર્ણોદ્ધાર થયો અને

વિશાળ ધર્મશાળા નું નિરમાંણ થયું. ત્યારબાદ હાલમાં 1947 માં જ્યારે  મહાવીર સ્વામી ભગવાનના નિર્વાણના 2500મી વર્ષગાંઠ હતી એ ઉપલક્ષમાં અહીં ફરીથી આખું જીર્ણોદ્ધાર થયું અને ખતરગચ્છના આચાર્ય શ્રી કાંતિસાગરજી દ્વારા જીર્ણોદ્ધાર થયો છે. અહીં મૂળ નાયક ભગવાન મહાવીર સ્વામી છે.  પહેલા અહીં માત્ર ચરણ પાદુકા હતા પછી પ્રતિમા ની સ્થાપના થવાની પણ શરૂઆત થઈ. જીર્ણોદ્ધારમાં જે ચરણ પાદુકાઓ સ્થાપિત થઈ એમાં ખૂબ જ સ્પેસિફિક લખેલું છે આ જ ભૂમિ છે કે જ્યાં પ્રભુ શ્રી મહાવીર સ્વામી ભગવાનનું નિર્વાણ થયું હતું અને આ જ ભૂમિમાં મહીત્યાન જ્ઞાતિના એવા સંગ્રામ સંઘ નાયક એ આ ચરણ પાદુકાની સ્થાપના કરી હતી.

આ જિનાલય ની અંદર હજુ પણ ચરણ પ્રાચીન ચરણ પાદુકાઓ છે અહીં જે ચરણ પાદુકા બતાવવામાં આવી છે એ માન્યતા મુજબ નંદીવર્ધન દ્વારા નિર્મિત છે પરંતુ વાસ્તવમાં 1589 માં જસરાજ દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી હીરવિજયસુરીજીની નિશ્રામાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી જમણી તરફ જમણી તરફ 1642 માં અત્યારે 11 ગણધર ભગવાનતોની ચરણ પાદુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેની શ્રીજીનરાજ સૂરીશ્વરજી ની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી હતી જે સૌથી લેટેસ્ટ જીર્ણોદ્ધાર થયો એ સમયે રાજસ્થાનના જેસલમેર તીર્થથી પધારેલ ભગવાનની પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી. જેસલમેર સ્ટોનમાં આ પ્રતિમાઓ કંડારેલી હતી અને જે એની જે 1562 માં નિરમાંણ પામી હતી બંને પ્રતિમાઓ આ જિનાલયમાં બિરાજમાન છે. ખુબ સુંદર વિશાળ અદભુત પ્રતિમા ના દર્શન કરી શકીએ છીએ. આ જિનાલય ની અંદર અનેક અનેક પ્રાચીન બિંબો બિરાજમાન છે જેને આપણે દર્શન કરીએ સાથે સાથે ખતરગચ્છના દાદા ગુરુદેવના ચરણ પાદુકા શ્રી શાંતિનાથ ભગવાનની 17મી સદીની પ્રતિમા તથા 1854 માં આચાર્યશ્રી મહેન્દ્ર સૂરી દ્વારા પ્રતિષ્ઠિત શ્રી દેવાધિ  ગણિક્ષમા શ્રમણની પ્રતિમા અહીં બિરાજમાન છે.

હવે આપણે જુના સમસરણ મંદિરની વાત કરીએ તો પ્રભુની ચરણપાદુકાઓ અહીં સ્થાપિત કરવામાં આવી એનો એટલો બધો પ્રભાવ છે કે એની પૂજા કરવાથી એવો આભાસ થાય  છે

કે જાણે મહાવીર સ્વામી ભગવાન સાક્ષાત અહીં હાજર હોય. આ ચરણ પાદુકામાં જે તેજ છે પ્રતાપ છે એવા બીજે ક્યાંય પ્રાપ્ત થતા નથી. એની પ્રતિષ્ઠા બાબુ ગોવિંદજી એ જળ મંદિરની પાસે નાની દેરી બનાવી શ્રી ગંગારૂષિના હાથે કરાવી છે. એનો અહીં કોઈ લેખ નથી એટલે કેટલી પ્રાચીન છે એ આપણે જાણી શકતા નથી. માન્યતા એમ કહે છે કે આ પ્રભુ મહાવીર સ્વામીના ભગવાનની સમયની છે. અહીં મેતા કુંવરજી દ્વારા અને નેમીચંદજી દુધેડિયા દ્વારા નિર્મિત એક જીનાલય હતું. જે જલ મંદિરની સામે જિનાલયની સ્થાપના કરવામાં આવી હતી સંપૂર્ણપણે નવીનીકરણ કરી પ્રભુ મહાવીર સ્વામી પંચકલ્યાણક મંદિર રૂપમાં બનાવવામાં આવી હતી. હાલમાં પ્રાચીન જિનાલયની પ્રતિષ્ઠા 1875 માં થઈ હતી આચાર્યશ્રી જય કુજર સુરીજી મુક્તિપ્રભસૂરીજી પ્રેરણા થી 2005 માં એનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો અને લેટેસ્ટ જીર્ણોદ્ધાર 2017 માં આચાર્ય શ્રી કીર્તીયસસુરજી મહારાજની નિશ્રામાં કરવામાં આવ્યો હતો અહીં જીનાલય ની બહાર નીકળતા ઠીક સામે પ્રભુ આદિનાથ પ્રભુ અને મહાવીર સ્વામી ના બિંબો છે પહેલા બે માળનું જિનાલય હતું અને હવે કેવું બન્યું છે પંચકલ્યાણક એને આપણે દર્શન કરીએ.

હવે આપણે પાવાપુરી ના મુખ્ય સ્થળ જેને આપણે જળ મંદિર કહીએ છીએ એની વાત કરીએ. બંને પરંપરાની અલગ અલગ માન્યતાઓ છે પણ બંને આને બહુ જ માને છે દિગંબર પરંપરા અનુસાર આ પરમાત્માની નિર્વાણ ભૂમિ હતી અને શ્વેતાંબર પરંપરા અનુસાર પ્રભુનો દાહ સંસ્કાર  કરવામાં આવ્યો હતો. શ્વેતાંબર પરંપરા અનુસાર ગામ ભૂમિમાં પ્રભુનું નિર્વાણ થયું હતું અને અહીં પરમાત્માની શિબિકા લઈને આવ્યા હતા અને ત્યાં અગ્નિદાન  આપવામાં આવ્યો હતો જે આ ભૂમિ છે કિવદંતી અનુસાર આપણે એ કથા જાણીએ છીએ કે પ્રભુ ની પવિત્ર રાખ અને ભૂમિની માટે લેવાની હોય પાડા પડી કરી જેથી મોટો ખાડો થયો અને એ સ્થળે સરોવર બની ગયો જેની મધ્યમાં મોટાભાઈ નંદીવર્ધન રાજાએ દ્વારા જિનાલય બંધાવવામાં આવ્યું અને પાછળથી જીર્ણોદ્ધાર થતા કમલ સરોવરની મધ્યમાં સફેદ આરસથી જળ મંદિર બન્યું જેના લોક દર્શન કરવા લોકો દૂર દૂરથી આવે છે.

84 વિઘાની વિશાળ ભૂમિ ઉપર આ જીનાલય વિદ્યમાંન છે અને અહીં પહોંચવા માટે 600 ફૂટ લાંબો સુંદર પૂલ છે પૂર્વમાં જ્યારે આવું ન હતો ત્યારે યાત્રાળુ નાવમાં બેસી અને મંદિરે જતા હતા. કલકત્તા નિવાસી શેઠ જીવનદાસજી દ્વારા 1873 માં એનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. અહીં આપણે જોઈ શકીએ છીએ કે નૈસર્ગિક વાતાવરણમાં કમળ સરોવર વચ્ચે  શ્વેત આરસપહાણમાં સુંદર દેરાસર છે પશુ પક્ષીઓનો કલરવ છે અને જ્યાં કમળની ખેતી છે ત્યાં વચ્ચોવચ એવા જલ મંદિર ના આપણે દર્શન કરી શકીએ છીએ. આ  પૂરું સ્ક્વેર આકારમાં છે આ ની જે આર્કિટેક્ચર સ્ટાઈલ છે એ મિક્સ કરેલી છે. એની અંદર આપણે રાજસ્થાની શિલ્પ જોવા મળે મોગલ શિલ્પ જોવા મળે અને એ સમયમાં પ્રચલિત આજે એમાઈગ્શન હતું એ કલ્ચરનું સાથે સાથે ગુજરાતી શિલ્પ મારુ ગુર્જર શૈલી પણ અહીં થોડી જોવા મળે છે તો અહીં વચ્ચે જલ મંદિરનું આખું સ્ટ્રક્ચર છે અને એની ચારે તરફ નાની-નાની દેરી છે એમાં ચરણ પાદુકા બિરાજમાન છે એ કોની છે એવું આપણે આગળ અધ્યયન કરશું. અહીં એક સરસ મજાનું તોરણ પણ બનાવેલું છે જેને આપણે દર્શન કરીએ છીએ.

જળ મંદિર ની અંદર પ્રવેશ કરતા અંદર ત્રણ સુંદર વેદી વિદ્યવાન છે મધ્યની વેદીમાં શ્રી મહાવીર પ્રભુની ચરણ પાદુકા બિરાજમાન છે અને એક માન્યતા અનુસાર 26 સો વર્ષ પ્રાચીન આ ચરણ પાલુકા નંદીવર્ધન દ્વારા ભરાવેલ  છે એના ઉપર આપણને કોઈ લેખ મળતો નથી આ ચરણ પાદુકાઓ રાજા નંદીવર્ધન દ્વારા ભરાવવામાં આવી છે લેખ ના હોવાને કારણે એનું સમયાંકન કરવાનું મુશ્કેલ છે પણ માન્યતા અનુસાર એ 2600 વર્ષ પ્રાચીન છે એમાં સાક્ષાત પ્રભુ મહાવીર સ્વામી ભગવાનના સ્પંદનો જોડાયેલા છે. જળ મંદિરની આ સૌથી ઈમ્પોર્ટન્ટ ભૂમિ કહી શકાય એમ છે છે જ્યાં ચરણ પાદુકાઓ  બિરાજમાન છે. એના પર છત્ર બિરાજમાન છે સરસ મજાની ગુમતી ની અંદર આ ચરણ તાદુકાઓ છે .બંને તરફ ગણધર ગૌતમ સ્વામી અને સુધર્મ સ્વામી વિચરણ તાદુકાઓ બિરાજમાન છે. આ બંને ચરણ પાદુકાની પ્રતિષ્ઠા 1879 માં થઈ હતી. મને યાદ કરતા જ આપણને ગૌતમ સ્વામી અને સુધારમાં સ્વામી આ યાદ આવે છે અને એમની સ્મૃતિરૂપ અહીં ચરણ પાદુકાઓ સ્થાપિત કરવામાં આવી છે. અહીં પહેલાના સમયમાં લગભગ 13 મી સદીની શરૂઆતમાં આચાર્ય શ્રી અભય દેવસુરીશ્વરજી

મહારાજ દ્વારા પૂર્વમાં આવેલી ઉપર શ્રી મહાવીર પ્રભુની ધાતુની પ્રતિમા બિરાજમાન રહેતી હતી જેની પ્રતિષ્ઠા તેમણે કરી વર્તમાનમાં માત્ર સ્નાત્ર પૂજા પ્રસંગે આ મૂર્તિ બહાર કાઢવામાં આવે છે ને માત્ર જ્યારે મોટા દિવસો હોય ત્યારે જ આ પ્રતિમા બહાર કાઢવામાં આવે છે અને એની પૂજા કરવામાં આવે છે. ઇસવીસન 1206 ની પ્રતમા છે.

હવે આપણે નિર્વાણ કલ્યાણક ની અમુક ક્ષણોને યાદ કરીએ નિર્વાણ કલ્યાણક ના દિવસે પ્રભુની જે તાદુકા છે એના ઉપર આંગી ચડાવવામાં આવે છે આ ચાંદીની સરસ મજાની આંગી જેની અંદર હીરા પણ જડેલા છે એને આપણે દર્શન કરીએ દિવાળી નો દિવસ છે અને લાખોની માનવ વેદની આવેલી છે અને બધા જ પ્રભુના દર્શન માટે તડપી રહ્યા છે અને એ સમયમાં દીવડાઓના ટમટમતા પ્રકાશમાં આ કેટલું સુંદર દ્રશ્ય ક્ષણ ભર આવશે અને એ સમયમાં આપણે વિચાર કરીએ કે ભગવાન આપણને છોડીને જતા રહ્યા આપણે સૌએ ગૌતમ સ્વામી ભગવાનનો વિલાપ જાણ્યો સાંભળ્યો પણ ક્યારે આપણી ઈચ્છા થઈ કે આપણે પણ વિલાપ કરીએ આપણે એવી આત્મીયતા બંધાણી છે? તો આજે આ ક્ષણને ધ્યાનમાં રાખીને આપણે પણ પરમાત્મા મહાવીર સ્વામી ભગવાન સાથે વાત કરીએ વાર્તાલાપ કરીએ એ દ્વારા એમને પાસ પહોંચવાનું પ્રયાસ કરીએ અને નિર્વાણની ક્ષણોનું માણવાનો પ્રયાસ કરીએ. અહીં દિવાળીના દિવસે 51 કિલો નો લાડુ ચઢાવવામાં આવે છે નૈવેદ્ય રૂપે. જળ મંદિર ની સામે આપણે જોઈ શકીએ છીએ કે ચાર દેહરીઓ હતી એ ચારે ઘુમતીઓમાં અલગ અલગ ચરણ પાદુકાઓ બિરાજમાન છે. પ્રદક્ષિણમાં જોઈ શકીએ છીએ કે બ્રાહ્મી સુંદરી ચંદના આદિ સોળે સોળ સભ્યોના વિશાળ ચરણ પાદુકા છે. 1875 લુંકા ગચના આચાર્ય શ્રી અજયરાજ સુરીજીની નિશ્રામા બાબુ પ્રતાપસિંહ તથા રાય બહાદુર ધનપતિસિંહજી દ્વારા પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી સાથે 11 ગણધર ભગવાન તો ના ચરણ પાદુકા પણ વિરાજમાન છે. પ્રદક્ષિણામાં શ્રી દીપ વિજય ગણીને 1679 ની પ્રતિષ્ઠિત પાદુકા જોવા મળે છે. તો જીનકૃશળ સૂરીજીની 1902 માં પ્રતિષ્ઠિત તાલુકાઓ અહીં બિરાજમાન છે સાથે સાથે બે ભૈરવજી ની પ્રતિમા પણ અહીં બિરાજમાન છે. અહીં પાવાપુરીમાં દિગંબર ના સાત સિદ્ધક્ષેત્ર પણ છે આ પરીસરની અંદર સાત મંદિરો છે જેનું નિર્માંણ 1894 માં કરવામાં આવ્યું હતું. અહીં ભગવાન મહાવીરના પ્રાચીન

ચરણ પાદુકા બિરાજમાન છે. મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનની શ્વેત પ્રતિમા આરસ પહાડમાં છે તથા અષ્ટ પ્રતિહારીની ગુપ્તકાલીન પ્રાચીન પ્રતિમાઓ અહીં બિરાજમાન છે. ગુપ્તકાલીન પ્રાચીન પદ્ધતિમાં અહીં બિરાજમાન છે ગભારા ની બંને તરફ રાખવામાં આવી છે.

હવે આપણે ગુણીયાજી તીર્થની વાત કરીએ તો તે ને યાદ કરતા ગૌતમ સ્વામી ભગવાનની યાદ આવે જ્યાં ગૌતમ સ્વામી મહારાજની કેવળ જ્ઞાન ઉત્પન થયું હતું એવી આ અદભુત ભૂમિ છે જે પાવાપુરી થી માત્ર 20 કિલોમીટર દૂર છે. અહીં પ્રભુએ દેશવર્મા નામના બ્રાહ્મણને પ્રતિબોધ કરવા માટે ગૌતમ સ્વામીને મોકલ્યા હતા અને પાછા વળતા ગૌતમ સ્વામીને સમાચાર મળ્યા કે કે પ્રભુનું નિર્વાણ થયું છે અને ત્યાં એમણે વિલાપ કર્યો હતો અને વિલાપ કરતા કરતા એમને પસ્તાવો થયો અને જાણ થઈ એમને સમય સમજાણું કે કે પ્રભુએ તેમને કેમ મોકલ્યા હતા અને એ જાણ થઈ તેઓ ક્ષપક શ્રેણી પહોંચતા પહોંચતા એમને કેવળ જ્ઞાન ઉત્પન થયું તે જ આ અદભુત ગુણીયાજી તીર્થની ભૂમિ છે. જ્યાં એક સમયે ગુણશીલ નામનું એક વન હતું અને જ્યાં ગૌતમ સ્વામી મહારાજની કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું હતું અને એના દ્વારા જ આ નામ થયું છે.

ગુણિયાજી તીર્થ માં  પાવાપુરી ના જળ મંદિર જેવું જ એક મંદિર બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સરોવરની વચ્ચે આ જીનાલય હતું અને મહાવીર સ્વામી ભગવાન મૂળનાયક રૂપે બિરાજમાન હતા ગૌતમ સ્વામીનું તીર્થ છે છતાં પણ વિનય કેવો? ભગવાન મૂડ નાયક છે અને નીચે ગણધર ભગવાન ની પ્રતિમા નીચે પ્રતિષ્ઠિત છે અહીં 17 મી સદીની ગૌતમ ગણધરની પ્રાચીન પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે સમય સમયમાં આ તીર્થનું જીર્ણોદ્ધાર થતો રહ્યો. 1868 રાય બહાદુર ધનપતસિંહજી ની ધર્મ પત્ની દ્વારા શ્રી સાગર ચંદ ગણી દ્વારા એનો આ જીર્ણોદ્ધાર  કરવામાં આવ્યો હતો. અહીં પરમાત્મા મહાવીર સ્વામી થી એક લેવલની છે ગૌતમ સ્વામીની સ્થાપના કરવામાં આવી છે અને સાથે સાથે ચારે ખૂણામાં વિસ તીર્થંકર પરમાત્માઓ ની પ્રાચીન પાદુકાઓ બિરાજમાન કરવામાં આવી છે પાછળથી અહીં એક

દિગંબર પ્રતિમા પણ સ્થાપિત કરવામાં આવી છે મહાવીર સ્વામી ભગવાનની જે કહેલું જલ મંદિર એ સંપૂર્ણપણે અત્યારે ઉતારી દેવામાં આવ્યું છે અને ત્યાં નવા જીર્ણોદ્ધારનું કાર્ય પ્રારંભ થયું છે. એક રૂમમાં બધા ગણધર ભગવાન તો અને તીર્થંકર ભગવાનતો ની ચરણપાદુકાવો રાખવામાં આવી છે. જેને આપણે દર્શન કરીએ સંપૂર્ણ પણે અહીં જીર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહ્યું છે.

હવે આપણે બિહાર શરીફ તીર્થની વાત કરીએ આ તીર્થ એવું છે કે અમુક લોકોને ખબર જ નહીં કે આવું પણ કોઈ તીર્થ છે. આ  નાલાન્દાથી 15 km અને પટનાથી 75 km દૂર છે પૂર્વે ઉદંડપુર ઉદણ વિહાર અને બિહારના નામે પ્રસિદ્ધ છે. આગળ જતા મુસલમાનનું આક્રમણ થતાં અને મુસલમાનનું શાસન આવતા બિહાર શરીફ એવું એનું નામ પાડવામાં આવ્યું. આ પ્રભુ મહાવીર સ્વામીની વિચરણભૂમિ રહી ચૂકી છે નજીકના છ્માંનીગ્રામ માં પ્રભુ વીર ઉપર ખીલા ઠોકવાનો ઉપસર્ગ થયો હતો.

મતીયાણ જાતિના જૈન શ્રાવકોની પૂર્વે બહુલતા હતી તેઓએ અહીં તો જિનાલય બંધાવ્યા પણ પાવાપુરી અને વિપુલાચલગીરીમાં પણ અનેક જિનાલાયો બંધાવ્યા અને એનો જીર્ણોદ્ધાર કર્યો. લગભગ 13મી શતાબ્દીમાં શ્રી મહાવીર પ્રભુ ના જિનાલય નિર્વાણનો અહીં આપણને ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પૂર્વે અહીં અનેક જિનાલય હતા આજે માત્ર એક જ વિદ્યમાંન છે. ચોખંડી વિસ્તારમાં શ્રી આદિનાથ પ્રભુનું ત્રિશીખર જીનાલય છે. મૂળનાયક ભગવાનની પ્રતિષ્ઠા 1854 માં કરવામાં આવી હતી. ખાસ કરીને આ તીર્થ એટલે પ્રખ્યાત છે કે અહીં ખૂબ જ પ્રાચીન વસ્ત્ર યુક્ત શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા કાળા પાષાણમાં સરસ મજાની પ્રતિમા અહીં બિરાજમાન છે. કુલ ત્રણ ગભારાયુક્ત જિનાલયમાં 11 જીન્બીમ્બ  છે અહીં આદિનાથ ભગવાનની પણ સ્ત્રી તીર્થથી પ્રાચીમાં મનોહર પ્રાચીન પ્રતિમા બિરાજમાન છે. અહીં 18 મી સદીના ખૂબ જ પ્રાચીન શાંતિનાથ ભગવાન તથા શ્રી પાર્શ્વનાથ ભગવાનના પગલિયા બિરાજમાન છે . મતિયાન લોકો લીનીન  ભરત ચક્રવર્તીને પોતાના માનતા હતા. એમના

પૂર્વજો ભારત ચક્રવર્તી ના વંશજ હતા. એમના દ્વારા જ પાવાપુરી આદિ તીર્થો નો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો હતો.

હવે આપણે પાલગંજ તીર્થની વાત કરીએ અહીં ખૂબ જ પ્રાચીન પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા બિરાજમાન છે મધુબન જેને આપણે શિખરજીની તળેટી કહીએ એ માત્ર ત્યાંથી માત્ર 15 km દૂર છે અને રુજુવાલીકા થી છ કિલોમીટર દૂર છે. શિખરજીની પ્રાચીન તળેટી પૂર્વ યાત્રા અહીંથી પ્રારંભ થતી. મૂળ નાયક શ્રી પાશ્વનાથ પ્રભુની સોળસો વર્ષ પ્રાચીન મનમોહન પ્રતિમા અહીં બિરાજમાન છે. પાલગંજના રાજા ને સ્વપ્ન દ્વારા મધુબન થી  આ પ્રાપ્ત થઈ હતી આજે મધુબન જે પોલીસ થાણું છે ત્યાંથી જ આ પ્રતિમા એમને પ્રાપ્ત થઈ હતી. પાશ્વનાથની ખૂબ જ સુંદરમાં પ્રતિમાના દર્શન આપણે કરીએ. પભાષણમાં બંને તરફ સિંહ છે સરસ મજાના આસન ઉપર પ્રભુ બિરાજમાન છે. પ્રતિમાની પાછળ આગળ આપણે જોઈએ તો અહીં પણ જરાક જરાક પાછળ દેખાય છે એમ પણ આપણને દેખાય છે  સર્પ  ફણાવાળા આપણને દેખાય છે. બંને બાજુ ચામરધારી ઈન્દ્રો આપણને જોવા મળે છે. યક્ષ અને યક્ષની પ્રતિમા ના આપણને દર્શન થાય છે અને એની ઉપર શ્રાવક શ્રાવિકાના પણ દર્શન થાય છે. બંને ઈન્દ્રોની ઉપર 18 તીર્થંકર પરમાત્મા ના આપણને દર્શન થાય છે એની ઉપર હાથી ઉપર બેસેલા દેવો પુષ્પ માળા લઈને આવતા હોય એવું દર્શન થાય છે. તેની ઉપર તીર્થંકર ભગવાનની ટોટલ ત્રણ છ ત્રણ ત્રણ એમ છ પ્રતિમાઓ 24 પ્રતિમાઓ ટોટલ આપણને મળે છે સૌથી ઉપર ત્રિછત્ર અને અશોક વૃક્ષના આપણને દર્શન થાય છે સંપૂર્ણ અષ્ટ પ્રતિહારી યુક્ત સરસ મજાની આ પ્રતિમા ભગવાનની પ્રાચીન પ્રતિમા આપણને દર્શન થાય છે.

એક સમયમાં દિગંબર અને શ્વેતાંબર બંને પરંપરાના શ્રાવકો અહીં પૂજાનો લાભ લેતા હતા વર્તમાન પ્રશાસન અહીં દિગંબર પરંપરા અનુસાર ચાલે છે અને પૂજા પદ્ધતિ પણ એમના હિસાબે ચાલે છે પણ જિનાલાયમાં શ્વેતાંબર પરંપરાની ચાર પ્રતિમાઓ આજે પણ પૂજીત છે અને આ બધી જ પ્રતિમા 15 થી 19 મી સદી વચ્ચેની છે સાથે 18 મી સદીના અહીં પ્રાચીન ચરણ પાદુકાઓ પણ છે.

***************************************************************************

JAIN SAHITYA ACADEMY TRUST
श्रेयस्कर तेजोदीपक